અરજી નં.૩૭૨ તા.૨૫–૨–૦૯

અરજદારઃ શ્રી એમ એચ. સચીનવાલા
સામાવાળાઃ ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ. એચ. સચીનવાલાની તા.૨૦–૧–૦૯ ની અરજીથી સ્થા.સ. ઠરાવ નં.૩૯/૦૮ ના અમલીકરણ બાબતે મા. કમિશ્નરશ્રીને આખરી નિર્ણય/હુકમ લેવા ડે.કમિશ્નર (૫અનેઈ) મારફતે તા.૧૯–૫–૦૮ થી સાદર થયેલ તે સંદર્ભે મુદ્દા નં.૧ થી ૫ અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ***:– અરજદાર મજકુરની તા.૨૬–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૭૨/૨૦૦૮–૦૯

શ્રી એમ. એચ. સચીનવાલાની તા.૨૦–૧–૦૯ ની અરજીથી સ્થા.સ. ઠરાવ નં.૩૯/૦૮ ના અમલીકરણ બાબતે મા. કમિશ્નરશ્રીને આખરી નિર્ણય/હુકમ લેવા ડે.કમિશ્નર (૫અનેઈ) મારફતે તા.૧૯–૫–૦૮ થી સાદર થયેલ તે સંદર્ભે મુદ્દા નં.૧ થી ૫ અંગેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૭૮ તા.૨૧–૨–૦૯ થી આપેલ માહિતી અસ્પષ્ટ અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૧૭૩ તા.૭–૩–૦૯ થી ડે.કમિશ્નર (૫ અનેઇ) અને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ કક્ષાએથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. કે માહિતીના ઈન્કાર માટે આરટીઆઈ કાયદાની કલમ ૮,૯ કે ૧૧ ના અપવાદ હેઠળ ઈન્કાર જણાવેલ નથી. પરંતુ અરજદારે અપીલ અરજી સાથે મૂળ અરજીની નકલ તથા જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ ઈએસટી/આઈ/૯૭૮ તા.૨૧–૨–૦૯ ની નકલ રજુ કરેલ છે. જે અનુસાર જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને તેમની અરજીના મુદ્દા નં.૧,૨,૩ અને ૫ અન્વયે કમિશ્નરશ્રીને સાદર કરવામાં આવેલ ફાઈલ તા.૨૧–૨–૦૯ના રોજ ખાતાને મળેલ હોવાનું અને આગળની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવેલ છે જે જોતાં અરજદારના મુદ્દા નં.૪ અંગે જાહેર માહિતી અધિકારી એ અરજદારને કોઈ માહિતી આપેલ જણાતું નથી.

અપીલના તબકકે અરજદાર ધ્વારા મુદ્દા નં.૪નો બીલકુલ જવાબ આપેલ નહીં હોવાનું તથા ૧૯–૫–૦૮ ના ખાતાના રીપોર્ટ અનુંસંધાને ફાઈલ નોટીંગ અને આદેશ સાથેની નકલો પુરી નહીં પાડેલ હોવાની રજુઆત કરેલ છે. અરજદારે મૂળ અરજીથી ખાતાના ૧૯–૫–૦૮ થી સાદર થયેલ રીપોર્ટ બાબતે છેવટની પરિસ્થિતિ દર્શાવતી સંપૂર્ણ માહિતી માંગેલ છે અને તેમાં કમિશ્નરે કોઈ આદેશ રીમાર્કસ કરેલી હોય તો તેની નકલ તથા રીપોર્ટ/પડતર રહેવા માટેના કારણો પણ ૧ થી ૩ મુદ્દામાં માંગેલ છે. મુદ્દા નં.૪ થી અરજદારે સ્થાયી સમિતિએ કરેલ ઠરાવમાં સુધારો સૂચવતા રીપોર્ટ કરવાની ખાતાકિય તપાસ અધિકારીને કે ડે.કમિશ્નરને સત્તા છે કે કેમ ? તે અંગેની માહિતી માંગેલ છે. જયારે મુદ્દા નં.૫ થી અરજદારે વિધાન કરેલ છે કોઈ માહિતી માંગેલ નથી.

આરટીઆઈના કાયદાની કલમ–૮(૧) (આઈ) ની જોગવાઈ અનુસાર મંત્રીમંડળના સચિવો અને અન્ય અધિકારીઓના વિચાર વિમર્શના કાગળો અંગેની માહિતી બાબતો પૂર્ણ થાય નહીં અને આખરી નિર્ણય લેવાય નહીં ત્યાં સુધી અપવાદ હેઠળ સમાવિષ્ટ થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે મૂળ અજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૨,૩, અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા કાર્યવાહી ચાલુ હોવાનું જણાવી કયા તબકકે કાર્યવાહી ચાલુ છે તેની વિગત જણાવેલ છે. જેથી માહિતીનો સંપૂર્ણ ઈન્કાર ત્રણ મુદ્દા પુરતો કરેલ નથી. ઉકત હકીકત ધ્યાને લઈ મુદ્દા નં.૪ની માહિતી અરજદારને દિન–૭માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ અત્રેની જાણ હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા તથા મુદ્દા નં.૧ થીૃ૩ ની માહિતી આ બાબતે આખરી નિર્ણય લેવાયા પછી દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ ૫ બી ની જોગવાઈને આધીન ભરવાપાત્ર દસ્તાવેજી ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી (ઈન્કવાયરી) અને ડે.કમિશ્નર(૫ અને ઈ)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (૫ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી ,(ઈન્કવાયરી) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી એમ.એચ સચીનવાલા